અપીલ અરજી નં.૪૮ તા.૧૦–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રણધીશ સિંહ બી.
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રણધીશ સિંહ બી.ની તા.૫–૪–૧૦ની અરજીથી (૧) બાંધકામ સ્થળ પર જી અત્રેથી અટકાવવામાં આવેલ છે તે તમે અટકાવ્યા પછી તેને નોટિસ આપી છે કે કેમ? જો હા હોય તો તેની નકલ આપવી જો ના હોય તો તેનું કારણ જણાવો વિગતવાર. (૨) કયા કયા અધિકારીઓએ બાંધકામનાં સ્થળ પર ગયાં હતા તેમનું વિવરણ આપવું (૩) બાંધકામ ચીજ વસ્તુઓને તમારા કબજામાુ લીધી છે કે નહી? તેની માહિતી આપો ના લિધિ હોય તો તેનું કારણ જણાવો. (૪) તમારા વિભાગ ધ્વારા જે બાંધકામ અટકાવવામાં આવેલું હતુ તેની માહિતી આપો અને આજની તારીખનું બાંધકામમાં કેટલો ફરક પડયો તેની વિગત આપો. વિ.માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૮/૨૦૧૦–૧૧

શ્રી રણધીશ સિંહ બી.ની તા.૫–૪–૧૦ની અરજી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૩ તા.૧૯–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની ફી ભર્યાની વિગત જણાવેલ નથી. જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૮૪ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/ટેક./૨૪૨ તા.૩–૫–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર તરફથી ફી ભર્યાની રસીદ રજૂ કરેલ છે.

અરજદારની તા.૫–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી ઉધનાઝોનમાં કરવામાં આવેલ. જે બાબતે માહિતી મળેલ નથી તેમજ પત્ર પાઠવેલ નથી યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી સાથે માહિતી પૂરી પાડવા અપીલમાં જણાવી તા.૧૦–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૨૪૨ તા.૩–૫–૧૦ થી જણાવેલ છે કે ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૧૯૦ તા.૧–૪–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડયાનું જણાવવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ સદર પત્રની નકલ રજૂ કરેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ તેની કોઈ વિગતો રજૂ કરવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રણધીશ સિંહ બી.,